કર્તરિ), **सूरीभिः किञ्चिद् प्रकाश्यते** એટલે સૂરીજી વડે કાંઈક પ્રકાશમાં લવાય છે.

**પ્રશ્ન–** **स्मृत्वा किञ्चित् प्रकाश्यते**–Q- વ્યાકરણ પણ પોતાનું બનાવેલું છે અને ટીકાપણ પોતે જ બનાવે છે તો પછી **आचार्य हैमचन्द्रोऽहं** લખવું જોઈતું હતું.તેને બદલે **आचार्य हेमचन्द्रेण प्रकाश्यते** એવું શા માટે લખ્યું ?

**ઉત્તર–** અહીં સ્યાદ્વાદ સિદ્ધાન્તનો ખ્યાલ આપે છે. સૂત્રકાર અને વૃત્તિકાર એકનાં એક હોવા છતાં અપેક્ષાએ સૂત્રકાર તરીકે જુદા છે. અને વૃત્તિકાર તરીકે જુદાં છે.

સૂત્રકાર તરીકે સંક્ષિપ્ત રૂચિવાળા છે. માટે તે હેમચન્દ્રસૂરિ જુદા અને વૃત્તિકાર તરીકે વિસ્તાર રૂચિવાળા હેમચન્દ્રસૂરિ જુદાં. આમ સ્યાદ્વાદ સિદ્ધાન્તનો ખ્યાલ આપવામાં આવ્યો છે.

**સૂત્ર:** **अर्हं (૧-૧-૧)**

**અર્થ :** **अर्हं** એ અવ્યય અક્ષર છે, પંચ પરમેષ્ઠીઓમાં પરમેશ્વર પરમેષ્ઠીનો (**परमे स्थाने तिष्ठति इति परमेष्ठि**) (અરિહંતનો) વાચક છે,

**વિવેચન :** સિદ્ધચક્રનું આદિ બીજ છે, બધા આગમોના સારભૂત છે, સઘળા વિઘ્નોને અપુનર્ભાવિ નાશ કરવામાં સમર્થ, સઘળા દેખાતા રાજ્ય ભોગાદિ અને નહિ દેખાતા સ્વર્ગાપવર્ગાદિ ફળોને પ્રાપ્ત કરવામાં કલ્પવૃક્ષ સમાન, શાસ્ત્રનું અધ્યયન અને અધ્યાપન જ્યાં સુધી ચાલે ત્યાં સુધી પ્રણિધાન-ધ્યાન કરવા યોગ્ય છે. અને પ્રણિધાન તે **अर्हं** પદ સાથે આત્માનો સર્વતઃ સંબંધ-સંભેદ પ્રણિધાન અને અર્હંપદ વાચ્ય પરમાત્મા સાથે આત્માની એકાકારતા પ્રાપ્ત થવી તે અભેદ પ્રણિધાન છે. અમે પણ આ શાસ્ત્રના આરંભમાં પ્રણિધાન કરીએ છીએ. આ જ તાત્વિક - યથાર્થ નમસ્કાર છે.

**अर्हम्–** **अर्हति पूजाम् इति अर्हम्** (अः उणादि -૨) થી अ प्रत्यय. **पृषोदरादयः** (૩-૨-૧૫૫) થી म् અને રેફ આવતાં **अर्हम्**બન્યું... અથવા તો म् અન્તવાળો **अर्हं** એ નિપાતન એટલે કે અવ્યય છે. જો અવ્યય હોય તો (૧-૧-૩૦) અને (૧-૧-૩૧) સૂત્રમાં દેખાતો